# પ્રથમવાર ગાંધીનગરના મહાત્મા મંદિર, સરિતા ઉદ્યાન અને પ્રકૃતિ ઉદ્યાનને ફિલ્મ શૂટીંગ માટેના ડેસ્ટીનેશન ગણ્યા

## ફિલ્મ શૂટીંગ માટે ગુજરાતમાં સિનેમેટીક પોલિસી જાહેર કરાશે : સરકારે ૧૦૦ જેટલા લોકેશન શોધ્યા છે જ્યાં ફિલ્મ શૂટીંગ કરવાની પરવાનગી, ખર્ચમાં ડિસ્કાઉન્ટ તેમજ અન્ય ઇન્સેન્ટીવ અપાશે

ગાંધીનગર, તા. ૨

ગુજરાતમાં હિન્દી સહિતની અન્ય ભાષાઓમાં બનતી ફિલ્મોના શૂટીંગ થાય અને સિનેમા ટુરિઝમનો કન્સેપ્ટ ખૂલે તે માટે રાજ્ય સરકાર ટૂંક સમયમાં સિનેમેટીક પોલિસી જાહેર કરી રહી છે. આ પોલિસી હેઠળ ફિલ્મ નિર્માતા અને દિગ્દર્શકોને સરકાર ફિલ્મ શૂટીંગની મંજૂરી, ખર્ચમાં ડિસ્કાઉન્ટ તેમજ અન્ય ઈન્સેન્ટીવ આપવા માગે છે. આ નવી પોલિસીનો ડ્રાફ્ટ મંજૂરીના તબક્કે છે.

દેશના પાંચ થી છ રાજ્યોમાં સિનેમેટીવ પોલિસીનો લાભ આપવામાં આવે છે તેવો લાભ હવે ફિલ્મ નિર્માતાઓને ગુજરાતમાં મળતો થતાં વધુને વધુ ફિલ્મોના શૂટીંગ ગુજરાતમાં થશે તેવી ધારણા વ્યક્ત કરતાં પ્રવાસન વિભાગના ટોચના સૂત્રોએ કહ્યું હતું કે આ પોલિસી હેઠળ ગુજરાતમાં ૧૦૦ જેટલા લોકેશન નિયત કરવામાં આવેલા છે જેનો લાભ ફિલ્મ શૂટીંગ માટે મળશે. પોલિસીમાં સ્ટુડિયો, પ્રિ-પ્રોડક્શન, પોસ્ટ પ્રોડક્શન અને ફિલ્મ ઈવેન્ટ્સ માટે ગુજરાત સરકાર આર્થિક સહાય ચૂકવશે.

ગુજરાતમાં હિન્દી, ગુજરાતી અને અન્ય ભાષાની ફિલ્મોના શૂટીંગ માટેના લોકેશન



નક્કી કરવામાં આવ્યા છે. રાજ્યના પ્રવાસન નિગમે જે લોકેશન શોધ્યા છે જેની વિડિયોગ્રાફી પણ કરવામાં આવી છે કે જેથી ફિલ્મ મેકર્સને લોકેશનનો અંદાજ આવી શકે. ફિલ્મ શૂટીંગ માટે રાજ્ય સરકાર કુલ ખર્ચમાં ૧૦ થી ૨૦ ટકા સહાય ચૂકવશે. પોલિસીમાં ટ્રાન્સપોર્ટેશન સહિતના અન્ય લાભ આપવાનું પણ વિચારણામાં લેવામાં આવ્યું છે.

ગુજરાતના પ્રવાસન વિભાગે એવા લોકેશન શોધ્યાં છે કે જે કુદરતી સૌંદર્યથી ભરપૂર છે. આ લોકેશનમાં સાપુતારા મેઈન છે. એ ઉપરાંત ચાંપાનેર, માંડવી-ભૂજ, ગોપનાથ બીચ, સોમનાથ, દ્વારકા, અડાલજની વાવ, મોઢેરા, સરખેજના રોજા, જૂનાગઢ, લખપત, કચ્છનું મોટું અને નાનું રણ, નર્મદા ટ્રેઈલ, પોલો ફોરેસ્ટ, બાલારામ પેલેસ, દરબારગઢ પેલેસ, ખિલસરા પેલેસ, ગોંડલ પેલેસ, વિજય વિલાસ પેલેસ અને લક્ષ્મી વિલાસ પેલેસને નક્કી કરવામાં આવ્યા છે.

ગુજરાતનું વડોદરા સૌંદર્યથી ભરેલું છે. લક્ષ્મી વિલાસ પેલેસમાં અગાઉ પણ શૂટીંગ થયાં છે. ડોન હિલ, મોરબી પેલેસ. મહાલ ઈકો ટુરિઝમ સાઈટ, રાણ કી વાવ, ફોરેસ્ટ રેસ્ટહાઉસ. મણી મંદિર પણ બેસ્ટ લોકેશન છે. અમદાવાદ સિટી લાઈફ પણ ફિલ્મ માટે ઉત્તમ છે. આ શહેરમાં શાહરૂખ ખાનનું રઈસ ફિલ્મનું શૂટીંગ થયું છે. ગીરા વોટરફોલ, ગિરનાર માઉન્ટ, વાંકાનેર પેલેસ, વાંસદા નેશનલ પાર્ક, જામનગરનો પિરોટન ટાપુ અને મરીન નેશનલ પાર્ક, ગીર નેશનલ પાર્ક, પુર્ણા વાઈલ્ડલાઈફ, ધોળાવીરા, ભૂજનો કાળો ડુંગર અને લખપત સિટીને પણ આવરી લેવામાં આવ્યું છે.

પ્રવાસન નિગમે પહેલીવાર ગાંધીનગરના મહાત્મા મંદિર, સરિતા ઉદ્યાન અને પ્રકૃતિ ઉદ્યાનને ફિલ્મ શૂટીંગ માટેના ડેસ્ટીનેશન ગણ્યા છે તેથી આ ત્રણેય જગ્યાએ ફિલ્મોના શૂટીંગ થાય તેમ મનાય છે. રિવર ફ્રન્ટ અને રિવર સાઈટને પણ પસંદ કરવામાં આવ્યા છે. સરદાર સરોવર ડેમ અને સ્ટેચ્યુ ઓફ યુનિટીને પણ પ્રવાસન નિગમે ફિલ્મ સાઈટ માટે પસંદ કર્યા છે. જો કે હજી પણ રાજ્યનું પ્રવાસન નિગમ ફિલ્મ શૂટીંગ માટેના બેસ્ટ લોકેશન શોધી રહ્યું છે જેને ફિલ્મ ટુરિસ્ટના નકશામાં મૂકવામાં આવશે.

# પાટનગર યોજના ભવનની ડીવીઝનલ કચેરીમાં વિવિધ સંવર્ગની ૧૮૭ જગ્યા ખાલી

## વર્તુળ અને ડિવીઝનલ કચેરીના ૩૮૫ ના મંજુર મહેકમ સામે ૪૫ ટકા જગ્યા ખાલી : સિનિયર અને જુનિયર કલાર્કની ખાલી જગ્યા

### વિશેષ : મેન પાવરના અભાવ વચ્ચે કામગીરી પર વિપરિત અસર

ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં પાટનગર યોજના ભવનની વિવિધ ડીવીઝનલ કચેરીમાં મેન પાવરની નોંધપાત્ર ઘટ છે. જેમાં વિવિધ સંવર્ગના કુલ ૩૮૫ ના મંજુર મહેકમ સામે ૧૮૭ જગ્યાઓ ખાલી છે. જેમાં સિનિયર કલાર્કની ૩૮ અને જુનિયર કલાર્કની ૫૨ જગ્યાઓ સહીત વર્ક આશિષ્ટન્ટની ૫૫ જગ્યા ખાલી છે. આ ઉપરાંત નાયબ કાર્યપાલક ઈજનેરની પણ ૬ જગ્યાઓ ખાલી છે. મેન પાવરના અભાવે ચાર્જમાં કામગીરી કરવી પડે છે.જયારે લાંબા સમયથી કલાર્કની ખાલી જગ્યાઓ પણ ભરાઈ નથી જેના લીધે વહીવટી કામગીરી પર વિપરિત અસર થઈ છે. કોન્ટ્રાકટ પધ્ધતિના આધારે પણ કામગીરી સોંપી મેન પાવરની ઘટનો પ્રશ્ન હલ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

ગાંધીનગર પાટનગર યોજના ભવનમાં વિવિધ ડીવીઝનલ કચેરીમાં નાયબ કાર્યપાલક ઈજનેરની મંજુર થયેલી ૨૨ જગ્યાઓ સામે ૧૬ જગ્યાઓ ભરાયેલી છે. જયારે ૬ જગ્યાઓ ખાલી છે. જયારે મદદનીશ ઈજનેરની ૧૦ જગ્યાઓ ખાલી છે. કચેરી અધિક્ષકની એક મંજુર જગ્યા સામે એક જગ્યા ખાલી છે. જયારે મેનેજર વર્ગ-૨ ની મંજુર ૨ જગ્યા સામે ૧ જગ્યા ખાલી છે. જયારે વર્તુળ વિભાગમાં મદદનીશ અધિક્ષકની ૬ મંજુર જગ્યાઓ ભરાયેલી છે. નકશાગારની ત્રણ મંજુરી જગ્યા સામે ૨ જગ્યા ખાલી છે. જયારે રેખનકારની ૭ મંજુર જગ્યા સામે માત્ર એક જગ્યા જ ભરાયેલી છે. પાટનગર યોજના ભવન વર્તુળ કચેરી તેમજ ચારેય ડીવીઝનમાં સિનિયર કલાર્કની ૬૯ મંજુર મહેકમ છે જેની સામે ૩૧ જ ભરેલી છે જયારે ૩૮ જગ્યા લાંબા સમયથી ખાલી છે. આ ઉપરાંત કલાર્ક ટાઈપીસ્ટની ૮૪ પૈકી ૩૨ જગ્યા જ ભરાયેલી છે જયારે મોટાભાગની અલબત્ત ૫૨ જગ્યા ખાલી છે. તેવી જ સ્થિતિ વર્ગ આશિષ્ટન્ટની છે. જેમાં ૬૩ પૈકી ૮ જગ્યાઓ જ ભરાયેલી છે. જયારે ૫૫ જગ્યા ખાલી છે. આ ઉપરાંત ડ્રાઈવરની એક પટાવાળાની ૨અને ચોકીદારની પણ ૬ જગ્યા ખાલી હોવાનુ સ્પષ્ટથયુ છે. પાટનગર યોજના ભવનના ચારેય ડિવિઝનના કુલ ૩૮૫ ના મંજુર મહેકમની સામે ૧૯૮ જગ્યાઓ જ ભરેલી છે. જયારે ૧૮૭ જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે. જેમાં મુખ્યત્વે જુનિયર અને સિનિયર કલાર્કની ઘટનો પ્રશ્ન મુખ્ય છે. જયારે વર્ક આશિષ્ટન્ટની પણ વિશેષ જગ્યાઓ ખાલી જોવા મળે છે. પાટનગર યોજનાના મંજુર મહેકમ સામે મેન પાવરની નોંધપાત્ર ઘટ છે.

તબક્કાવાર નિવૃતિના અંતે ખાલી પડેલી જગ્યાઓ સમયસર ભરાતી નથી જેના લીધે નગરમાં માળખાગત સુવિધાના કામો સંભાળતા તંત્રના વહીવટ પર વિપરિત અસર જોવા મળી રહી છે. લાંબા સમયથી ખાલી જગ્યાઓ ભરવા માટે કોઈ પ્રકીયા પણ હાથ ધરવામાં આવી નથી ડિવિઝનલ કચેરીઓ અને વર્તુળ કચેરીમાં ચાર્જમાં કામગીરી કરવાનો ટ્રેન્ડ વધુ મજબુત બનતો જાય છે જયારે મેન પાવરના અભાવે ખુરશીઓ પણ ખાલી જોવા મળે છે. આ સ્થિતિ વચ્ચે વહીવટી કામગીરી પણ ધીમી ગતિએ થાય છે.

# રાજ્યમાં કોરોનાના નવા ૫૦ કેસ સામે નોંધાતા ખળભળાટ

## રાજ્યમાં કુલ ૩૧૮ એક્ટિવ કેસ છે, જે પૈકી ૯ નાગરિકો વેન્ટીલેટર પર, ૩૦૯ સ્ટેબલ : રિકવરી રેટ ૯૮.૭૪ ટકા

ગાંધીનગર, તા.૨

કોરોનાના નવા વેરિએન્ટ ઓમિક્રોનને લઈને સમગ્ર વિશ્વમાં હાહાકાર મચેલો છે, ત્યારે ગુજરાત માટે એક ચિંતાજનક સમાચાર સામે આવી રહ્યા છે. જામનગર નજીક મોરકડાં ગામના એક વ્યક્તિમાં કોરોના વાયરસના નવા વેરિયન્ટ ઓમિક્રોનનો પ્રથમ શંકાસ્પદ કેસ સામે આવતા આરોગ્ય તંત્રમાં દોડધામ મચી ગઈ છે. રાજ્યમાં કોરોનાના નવા ૫૦ કેસ સામે આવતા ખળભળાટ મચ્યો છે. તો બીજી તરફ ૨૪ દર્દીઓ રિકવર થયા છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૭,૧૫૮ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જેના પગલે ગુજરાતનો કોરોના રિકવરી રેટ પણ સુધરીને ૯૮.૭૪ ટકાએ પહોંચ્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજયમાં આજે કુલ ૪,૨૧,૦૮૧ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા. એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૩૧૮ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૯ નાગરિકો વેન્ટીલેટર પર છે. ૩૦૯ સ્ટેબલ છે. ૮,૧૭,૧૫૮ નાગરિકો અત્યાર સુધીમાં કોરોનાને હરાવી ચુક્યા છે. ૧૦૦૯૪ નાગરિકોનાં અત્યાર સુધીમાં કોરોનાને મોત નિપજ્યાં છે. આજે રાજકોટમાં એક વ્યક્તિનું મોત થયું છે. આજના કોરોના પોઝિટીવ કેસની વાત કરીએ તો અમદાવાદ કોર્પોરેશનમાં સૌથી વધુ ૧૫ કેસ નોંધાયા છે, જ્યારે ૮ ડિસ્ચાર્જ થયા છે. તેવી રીતે સુરત કોર્પોરેશનમાં ૬ કેસ અને ૫ લોકો ડીસ્ચાર્જ થયા છે. વડોદરામાં ૬, રાજકોટમાં ૪, વડોદરા કોર્પોરેશન ૪, કચ્છમાં ૩, ભાવનગર કોર્પોરેશન ૨, આણંદમાં ૧, ભાવનગર ૧, ગાંધીનગર કોર્પોરેશનમાં ૧, ગીર સોમનાથમાં ૧, જામનગર કોર્પોરેશનમાં ૧, નવસારીમાં ૧, રાજકોટ કોર્પોરેશનમાં ૧, સુરતમાં ૧, તાપીમાં ૧, વલસાડમાં ૧ કેસ નોંધાયા છે, આ પ્રકારે કુલ ૫૦ કેસ આવ્યા છે. રસીકરણના મોરચે પણ સરકાર સતત મજબુતીથી લડી રહી છે. હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર પૈકી ૧૩ ને પ્રથમ જયારે ૨૮૪૨ વર્કર્સને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૪૫ વર્ષથી વધારેની ઉંમરના ૮૦૬૮ નાગરિકોને રસીનો પ્રથમ જયારે ૧૦૫૦૧૮ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૮-૪૫ વર્ષ સુધીના ૨૭૨૩૧ નાગરિકોને રસીનો પ્રથમ ડોઝ અને ૨૭૭૯૦૯ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાયો હતો. આ પ્રકારે કુલ ૪,૨૧,૦૮૧ રસીના ડોઝ અપાયા હતા. અત્યાર સુધીમાં ૮,૧૯,૦૩,૭૦૩ રસીના ડોઝ અપાઈ ચુક્યા છે.




મુખ્યમંત્રી મુંબઈમાં... વાઈબ્રન્ટ સમિટને પગલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મુંબઈમાં ઉદ્યોગપતિઓ સાથે વન-ટુ-વન અને સમૂહમાં ચર્ચાઓ કરી હતી. ગુજરાતમાં રોકાણ માટે સંખ્યાબદ્ધ ઉદ્યોગપતિઓએ રસ દાખવતા મુખ્યમંત્રીએ વિગતવાર માહિતી આપી હતી અને સૌને વાઈબ્રન્ટ સમિટમાં જોડાવવા ગુજરાત સરકાર વતી આમંત્રણ પાઠવ્યું હતું.

# આજે છ ગ્રાઉન્ડ પર નહિ લેવાય શારીરિક કસોટી

## ૩ અને ૪ ડિસેમ્બરે શારીરિક કસોટી લેવામાં આવનાર હતી

ગાંધીનગર, તા.૨

ગુજરાતમાં એલઆરડી ભરતીને લાગેલું ગ્રહણ હટી રહ્યું નથી. અગાઉ ઉમેદવારોએ આપેલી લાંબી લડત બાદ હવે જ્યારે પરીક્ષાની તારીખ જાહેર થઈ, તો રાજ્યમાં કમોસમી વરસાદ ન્ઇંહ્વ ના ઉમેદવારોને નડ્યો છે. કમોસમી વરસાદને કારણે રાજ્યના ૬ ગ્રાઉન્ડ પર ન્ઇંહ્વ અનેૈં જીૈં ની કસોટી મૌકૂફ રાખવામાં આવી છે. ભરૂચ, ખેડા, નડિયાદ, સુરેન્દ્રનગરમાં કસોટી મૌકૂફ રખાઈ છે. તો અમરેલી અને વાવ-સુરતના ગ્રાઉન્ડમાં પણ કસોટી મૌકુફ રખાઈ છે. ૩ અને ૪ ડિસેમ્બરે શારીરિક કસોટી લેવાની હતી.

રાજ્યમાં પોલીસ ભરતી માટે તૈયારી કરી રહેલા ઉમેદવારો સરકારી નોકરીની આશાએ પોલીસ કોન્સ્ટેબલની ભરતીની રાહ જોઈ રહ્યા હતા. ત્યારે ભરતીની જાહેરાત બહાર પડતાં જ ઉમેદવારોમાં ખુશીનો માહોલ છવાઇ ગયો હતો ત્યારે રાજ્યમાં કમોસમી વરસાદ વિઘ્ન બન્યો છે.

એલઆરડી ભરતી બોર્ડનાં ચેરમેન આઈપીએસ હસમુખ પટેલે માહિતી આપતી ટ્વીટ કરી કે, કમોસમી વરસાદને લીધે પોલીસ હેડ કવાર્ટર, ભરૂચ ખેડા સુરેન્દ્રનગર અમરેલી તથા જીઈંહ્વ ગૃપ-૧૧, વાવ-સુરત અને જીઈંહ્વ ગૃપ-૭, નડિયાદ એમ કુલ ૬ મેદાનો ખાતે પોસઈ/ લોકરક્ષકની તા.૦૩/૧૨/૨૦૨૧ અને તા.૦૪/૧૨/૨૦૨૧ ના રોજ લેવાનાર શારિરીક કસોટી મોકૂફ રાખવામાં આવેલ છે. નવી તારીખ હવે પછી જણાવવામાં આવશે.

# રાજ્યમાં હજુપણ બે દિવસ વરસાદી માહોલની આગાહી

## બોડેલીમાં ૪ કલાકમાં ૨૩એમએમ : અરબી સમુદ્રમાં ઉભું થયેલું લો પ્રેશર અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સથી વરસાદ

અમદાવાદ , તા.૨

આજે રાજ્યના ૫૫ તાલુકાઓમાં વરસાદી માહોલ છે, જેમાં બોડેલીમાં ચાર કલાકમાં સૌથી વધારે ૨૩એમએમ વરસાદ થયો છે. આજે અને આગામી ૪ ડિસેમ્બર સુધી વરસાદી માહોલ રહેવાની આગાહી કરવામાં આવી છે. જેમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદનું જોર રહેવાની આગાહી છે. અરબી સમુદ્રમાં ઉભું થયેલું લો પ્રેશર અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે રાજ્યમાં વરસાદી માહોલ ઉભો થયો છે. આ સાથે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના માછીમારોને દરિયો ના ખેડવાની સૂચના આપવામાં આવી છે. ગીર સોમનાથના ઉનાના નવાબંદરેથી ૬થી ૮ માછીમારો દરિયામાં બોટ તૂટી જવાના કારણે ગુમ થયા છે. જેમની હાલ સ્થાનિક વહીવટી તંત્ર અને કોસ્ટગાર્ડ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

રાજ્યમાં વરસાદી માહોલ ઉભો થવાના કારણે તાપમાનમાં મોટો ઘટાડો નોંધાયો છે. અમદાવાદ સહિત સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ઠંડીનું પ્રમાણ વધ્યું છે. હજુ પણ આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાનમાં ૨-૪ ડિગ્રી સેલ્સિયસ તાપમાન ઘટવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. લો પ્રેશર નબળું પડ્યા બાદ વરસાદ વિરામ લેશે. આજે સવારના ૬ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધીમાં સૌથી વધારે છોટાઉદેપુરના બોડેલીમાં ૨૩એમએમ વરસાદ નોંધાયો છે. આ પછી નર્મદાના તિલકવાડામાં ૧૯એમએમ અને ગરુડેશ્વરમાં ૧૯એમએમ વરસાદ નોંધાયો છે. જ્યારે છોટાઉદેપુરના સંખેડા તાલુકામાં ૧૮એમએમ અને છોટાઉદેપુર તાલુકામાં ૧૮એમએમ વરસાદ થયો છે. આ સિવાય સુરતના માંગરોળમાં અને વડોદરાના ડભોઈમાં ૧૭એમએમ વરસાદ થયો છે.

આ સિવાય દક્ષિણ ગુજરાતના ભરુચ, વલસાડ, ડાંગ અને તાપીમાં પણ સામાન્ય વરસાદ નોંધાયો છે. જ્યારે સૌરાષ્ટ્રના દરિયા કિનારા પર લો પ્રેશરની અસર વર્તાઈ રહી છે, જેના લીધે માછીમારોને દરિયો ના ખેડવાની સૂચના આપી છે. સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા પણ માછીમારોને જાગૃત કરવામાં આવી રહ્યા છે. આજે રાજ્યના સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, સાબરકાંઠા, ભાવનગર, બોટાદ, અમરેલી, ગીર સોમનાથ, દીવમાં વરસાદ થવાની આગાહી છે.

જ્યારે ૩ અને ૪ ઓગસ્ટના રોજ રાજ્યના દાહોદ, છોટાઉદેપુર, નવસારી, વલસાડ, દમણ, દાદર નગર હવેલીમાં વરસાદ થવાની આગાહી છે. આ પછી કમોસમી વરસાદ વિરામ લેશે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

વરસાદના કારણે અમદાવાદ શહેર ઠંડુંગાર બન્યું છે, શહેરોમાં હિલસ્ટેશન જેવો માહોલ ઉભો થયો છે અને સૌરાષ્ટ્ર સહિત રાજ્યના અન્ય ભાગોમાં કમોસમી વરસાદના કારણે ખેતી અને ઉભા પાકને નુકસાન થવાની ફરિયાદો ઉઠી રહી છે.

# અમદાવાદી યુવકે અયોધ્યામાં બોમ્બ બ્લાસ્ટની ધમકી આપી

## રામ જન્મ ભૂમિ ક્ષેત્રની સુરક્ષા વધારવામાં આવી, ખૂણે ખૂણે બ્લૈક કૈટ કમાન્ડોની ટુકડી ગોઠવી દેવામાં આવી

અયોધ્યા, તા.૨

રામનગરી અયોધ્યામાં બ્લાસ્ટની ધમકી બાદ યૂપી પોલીસ હાઈ એલર્ટ પર છે. પોલીસે પ્રવેશ દ્વાર, હોટલો અને ધર્મશાળા ઉપરાંત રેલવે સ્ટેશન અને બસ સ્ટેશન પર સુરક્ષા વધારી દીધી છે. ગુરૂવારે કોઈ અજાણ્યા વ્યક્તિ ડાયલ-૧૧૨ પર ફોન કરીને ધમકી આપી છે. ધમકી આપનાર યુવક અમદાવાદનો હોવાનું કહેવામાં આવી રહ્યું છે.

બ્લાસ્ટની ધમકી આપનાર અમદાવાદનો હોવાની કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. ધમકી મળ્યા બાદ અયોધ્યામાં સ્થાનિક પોલીસ સર્તક થઈ ગઈ છે. અયોધ્યા ધામના પ્રવેશ દ્વારા પર સઘન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. સાથે જ લોકોના આઈડી પ્રૂફ જોઈને જ અંદર પ્રવેશ આપવામાં આવી રહ્યો છે.

જોકે રામ જન્મ ભૂમિ ક્ષેત્રની સુરક્ષા વધારવામાં આવી, બીજી તરફ ખૂણે ખૂણે બ્લૈક કૈટ કમાન્ડોની ટુકડી ગોઠવી દેવામાં આવી છે. પોલીસના અધિકારીઓએ મોટી સંખ્યામાં પોલીસબળની યલો ઝોનમાં રૂમ માર્ચ કરી. તમામ સુરક્ષાના પોઈન્ટ એક્ટિવ કરવામાં આવ્યા છે. ક્ષેત્રાધિકારી અયોધ્યાના નેતૃત્વમાં સંપૂર્ણ યલો ઝોન પર એટીએસની ટીમે નિરીક્ષણ કર્યું. અયોધ્યાના તમામ બેરિયર પર સઘન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

આ પહેલાં ગત મહિને યૂપી પોલીસને ગુપ્ત એલર્ટ મળ્યું હતું. આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાના નામથી મળેલા ધમકીભર્યા પત્રમાં લખનઉ, અયોધ્યા, કાનપુર, વારાણસી સહિત ૪૬ રેલવે સ્ટેશનોને બોમ્બથી ઉડાડવાની ધમકી આપવામાં આવી હતી. આ ગુપ્ત એલર્ટ બાદ રેલવે સ્ટેશનો પર સુરક્ષા વધારવામાં આવી હતી. લખનઉ, કાનપુર, સહિત ઘણા રેલવે સ્ટેશનો પર આરપીએફ, જીઆરપી અને પોલીસ ઉપરાંત ડોગ સ્ક્વોર્ડએ પણ નિરિક્ષણ કર્યું હતું. સઘન તલાશી પણ ચલાવવામાં આવી રહી છે.

# ચિલોડામોટા માર્કેટયાર્ડમાં ડાંગરની ધૂમ આવકથી ઉભરાયુ

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર ગણાતું ચિલોડા મોટા જંગશન મથક વિવિધ વાણિજ્ય સંસ્થાઓ અને વેપાર-ધંધા માટે મોખરાનું સ્થાન ધરાવે છે. આ સાથે ચિલોડા ખાતે ખેતી ઉત્પન્ન માર્કેટયાર્ડ તેમજ આલમપુર એ.પી.એમ.સી. શાકમાર્કેટની સુવિધાથી ચિલોડા પંથક અને પ્રાંતિજ, માણસા, દહેગામ તાલુકાના ખેડૂતો દ્વારા અનાજ અને શાકભાજીના વેચાણ-ખરીદી માટે સરળતારૂપ આ સંસ્થાઓ આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યા છે. ત્યારે ચિલોડા પંથકમાં ખરીફ પાક તરીકે ડાંગરનું સારા પ્રમાણમાં વાવેતર કરવામાં આવ્યું હતું. વર્ષના આરંભ મેઘરાજા બે માસ રિસામણાં બાદ મેઘરાજાનું આગમન થતાં ખેડૂતોએ ડાંગરના પાક માટે પિયત સિંચાઈનો ઉપયોગ કરી પાક બચાવવા મરણીયો પ્રયાસ કર્યો હતો. પાછોતર વરસાદ વરસતાં ડાંગરના પાકને આધુનિકતાથી કોઈપણ પ્રકારનો પાક રોગચાળો ન આવતાં ડાંગરના પાકથી ખેતરો લહેરાયાં હતા. પરિણામે ચાલુ સાલે ડાંગરનો પાક સારો થતાં એક વીઘામાંથી ૬૦ થી ૭૦ મણનો ઉતારો આવતાં ખેડૂતો હરખાયા હતા. ત્યારબાદ દિવાળી બાદ ડાંગરનો પાકની લણણી કરી ચિલોડા માર્કેટયાર્ડમાં લાભ પાંચમના શુભ મુહૂર્તમાં ૩૫ થી ૪૦ ટ્રેક્ટરોની ડાંગરની આવકથી માર્કેટયાર્ડ ડાંગરથી ભરપૂર બન્યા હતાં. આ સમયે ડાંગરનો ભાવ ૩૪૦ થી વધુથી વેચાણ થતાં ખેડૂતો ખુશખુશાલ બન્યા હતા.

**જવાદ વાવાઝોડું... ● અનુસંધાન પહેલાનું ચાલુ**

જવાદનું રૂપ લેશે. તેને લઈને સમુદ્રી કાંઠાની આજુબાજુ રહેનારા માછીમારોને અલર્ટ કરી દેવાયા છે અને તેમને સુરક્ષિત સ્થળો પર પહોંચવાનું કહેવાયું છે. હવામાન ખાતાના જણાવ્યાં મુજબ ચક્રવાતી તોફાન જવાદના કારણે પશ્ચિમ બંગાળના પૂર્વ અને પશ્ચિમ મિદનાપુર જિલ્લાઓમાં ચાર ડિસેમ્બરના રોજ ભારે વરસાદ થઈ શકે છે. તે ઉપરાંત ઉત્તર ૨૪ પરગણા, દક્ષિણ ૨૪ પરગણા, ઝારગ્રામ અને હાવડા જિલ્લાઓમાં પણ ભારે વરસાદ પડી શકે છે. ચક્રવાતી તોફાન અગાઉ ગુજરાતના ગીર સોમનાથમાં મોડી રાતેથી પવન ફૂંકાઈ રહ્યો છે. જેના કારણે ગીર સોમનાથના નવા બંદરમાં ૧૫ જેટલી બોટ ડૂબી છે. કહેવાય છે કે આ ઘટના બાદ ૮ ખલાસી ગૂમ થયા છે. જેમની ભાળ મેળવવાના પ્રયત્નો થઈ રહ્યા છે. બંગાળની ખાડીમાં થઈ રહેલી હલચલના કારણે ભારત મૌસમ વિજ્ઞાન વિભાગએ આજથી ચાર દિવસ સુધી આ રાજ્યોમાં સતત ભારે વરસાદની ચેતવણી બહાર પાડી છે. આ સાથે જ હવામાન વિભાગે મુંબઈમાં પણ ભારે વરસાદની આશંકા જતાવી છે. આ ઉપરાંત ગુજરાત અને ઉત્તર મધ્ય મહારાષ્ટ્રમાં પણ અલગ અલગ જગ્યાએ ભારે વરસાદ પડી શકે છે. સ્ઠએ જણાવ્યું કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે સમગ્ર ઉત્તર-મધ્ય ભારતમાં વરસાદના એંધાણ જોવા મળી રહ્યા છે. આ કારણે ઉત્તર પ્રદેશ, દિલ્હી અને હરિયાણામાં પણ આવનારા દિવસોમાં વરસાદ પડી શકે છે.

**ટોક ઓફ ધી ટાઉન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ખાસ કરીને ડિસેમ્બર સહિત આગામી જાન્યુઆરી તેમજ ફેબ્રુઆરી માસમાં યોજાનારા લગ્ન પ્રસંગો સહિતના અનેક આયોજનો ફરી ખોરંભે ચડવાની ભીતિથી શહેરીજનોમાં અવઢવનો માહોલ જોવા મળી રહ્યો છે. આશા રાખીએ કે નવો વેરિયન્ટ ઓમીક્રોન શહેરમાં અસરકારક રસીકરણને પગલે ડેલ્ટા વેરિયન્ટ જેટલો ઘાતક સાબિત ના થાય અને ફરી લોકડાઉન જેવી સ્થિતિનો સામનો કરવો પડે નહીં.

**ફરિયાદો મળી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આજે યોજાયેલ પત્રકાર પરિષદમાં પણ મનપા પાસે જે સેવાઓ નથી અને તે અંગેની ફરિયાદો મળશે તો તે વિભાગને ફોરવર્ડ કરી અને તેનુ ફોલોઅપ લેવામાં આવશે તેમ મનપાના સત્તાધીશોએ જણાવ્યુ હતુ.

જો કે મનપાના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ ફરિયાદોનું ચોક્કસ વર્ગીકરણ કરી અને તેના ઝડપી ઉકેલ માટે મનપાને હવે વધુ સત્તાઓ આપો તેવી સરકારને રજુઆત આગામી દિવસોમાં કરવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે. મનપાનું કદ અને વિસ્તાર વધ્યો છે પણ સફાઈ સિવાયની સેવાઓ છે નહિ ત્યારે આ અભિગમ સાથે વધુ લોકાભિમુખ વહીવટ આપવાનો ઉદ્દેશ્ય સમાયેલો હોવાનું ભાજપના સૂત્રોનું માનવુ છે. આ સાથે જ મનપામાં અન્ય સમિતિઓની રચનાનો માર્ગ પણ મોકળો બનાવવાની ચાલ હોવાનું કેટલાક લોકો કહી રહ્યા છે.

**ઠંડુગાર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

રહી છે. બદલાતા વાતાવરણના લીધે જન આરોગ્ય પ્રભાવિત છે. રાત્રિના સમયે પણ ઠંડીની અસરથી બચવા માટે નગરજનો ઘરની બહાર નિકળતા નથી જેના લીધે નગરના મુખ્યમાર્ગો પર સન્નાટો જોવા મળે છે. સેકટરોના શોપિંગ બજારમાં પણ સાંજ ઢળતા જ સુનકાર પ્રવર્તે છે. જયારે વહેલી સવારે મોર્નિંગ વોક કરવાનુ પણ સેકટરવાસીઓ ટાળી રહ્યા છે. છેલ્લા બે દિવસથી લઘુત્તમ તાપમાનમાં કોઈ ફેરફાર જોવા મળ્યો નથી પરંતુ આમછતા વરસાદી વાયરાના લીધે વાતાવરણમાં ઠંડીનુ પ્રભુત્તવ જોવા મળી રહ્યુ છે. ગાંધીનગર છેલ્લા બે દિવસથી ઠંડુગાર બનતા નગરમાં ગરમ કપડાની પણ વિશેષ ખરીદી થઈ રહી છે. આગામી દિવસોમાં હજુ શિયાળાની મોસમ અસલ મિજાજ બતાવશે ઠંડીનો પારો સિંગલ ડીઝીટમાં આવી જશે. હવામાન તજજ્ઞો ના મતે ડિસેમ્બર અંતમાં તેમજ જાન્યુઆરીના પ્રારંભે ઠંડીનો પારો ૫ ડીગ્રી સુધી પહોંચી જશે અલબત્ત શહેરીજનોએ હજુ પણ આકરા કોલ્ડવેવ સહન કરવા તૈયાર રહેવુ પડશે.

**વિલંબમાં પડ્યું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જોવામાં આવી રહી છે. પાણી સપ્લાય કરવાની આ યોજના અન્વયે હજુ સુધી ટેન્ડર બહાર પાડવામાં આવ્યા પરંતુ પ્રકીયા પણ પુર્ણ કરવામાં આવી નથી જેની પાછળ રૂ ૨૪. ૬૬ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. ત્યારે આ અસંમંજસ વચ્ચે કોઈ એજન્સી કામ કરવા તૈયાર થશે તેવી આશ વચ્ચે હવે ગુડા ત્રીજીવાર ટેન્ડર પ્રકીયા હાથ ધરશે.